ઉધના પો.સ્ટે.ના વિસ્તારમા લાયસન્સ વગર સિક્યુરીટી ચલાવતા આરોપીને ઝડતી પાડતી,
સુરત શહેર એસ.ઓ.જી ટીમ.

આજરોજ એસ.ઓ.જી.ના પોલીસ માણસો શહેર વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા તે દરમ્યાન ASI અનીલભાઇ વિનજીભાઇ તથા PC અલ્કેશભાઇ રમણભાઇ નાઓને બાતમીદાર હકીકત મળેલ કે એક ઇસમ નામે ભતરસીંહ પાનનો ઉદ્યોગ નગર ખાતે આવેલ પેક પેપર એજન્સીસ પ્રા.લી.પ્લોટ નં. B-૧૯૧ રોડ નં. ૬ F મહીન્દ્રા શોરૂમની પાછળ ઇન્ડસ્ટ્રીયલ એસ્ટેટ ખાતે સિક્યુરીટી ગાર્ડ રાખી વગર લાયસન્સે ભરતસીહ સિક્યુરીટી સર્વીસસ નામની ગેર કાયદેસર સિક્યુરીટી એજન્સી ચલાવે છે અને તે બાતમી આધારે ત્યાં જઈ તપાસ કરતા આરોપી નામે ભરતસીંહ S/O પૃથ્વીરાજ પાલ ઉ.વ. ૪૨ ધંધો- સિક્યુરીટી, રહે. ૧૭૩, દિપકનગર સોસાયટી શાકભાજી માર્કેટ પાસે, નવાગામ ડીંડોલી, સુરત. મુળ રહે. જૈસારીકલા પોસ્ટ તા.ઉરઇ, થાના ડકોર જી.જાલોન ઉત્તર પ્રદેશવાળો મળી આવેલ મજકુર આરોપી ભરતસીંહ સિક્યુરીટી સર્વીસસ નામની સિક્યુરીટી એજન્સી ચલાવવાનુ લાયસન્સ ધરાવતો ન હોય, જેથી મજકુર આરોપીને અટક કરી તેના વિરૂધ્ધમાં ખાનગી સલામતી એજન્સી (નિયંત્રણ) ધારા ૨૦૦૫ની કલમ ૪૨૦ મુજબ ઉધના પોલીસ સ્ટેશનમાં ગુનો રજીસ્ટર કરવામાં આવેલ છે.